# શહેરમાં કમોસમી વરસાદથી ઘેરી ચિંતા

**કોરનાના કહેર વચ્ચે વરસાદ કુદરતી આફતરૂપ : રોગચાળાની દહેશત : મોડીરાત્રે પવનના સુસવાટા અન્ ગાજવીજ સાથે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી : સેકટરોની શેરીઓમાં ભીંજારાનો માહોલ : ચૈત્ર મહીનામાં આકાશમાં અગ્નજવાળ વરસાવાના બદલે વરસાદ ખાબકયો**

ગાંધીનગર તા ૨૭

કોરોનાના કહેર વચ્ચે ગઈકાલે રાત્રિના અચાનક જ વાતાવરણ પલ્ટા વચ્ચે ગાજવીજ સાથે વરસાદ વરસતા નગરજનો મોસમના વિચિત્ર મિજાજથી પ્રભાવિત થયા હતા. રાત્રિના ૧૧ કલાકે આકાશમાં વિજકડાકા અને વાદળગર્જના સાથે વરસાદ ખાબકયો હતો. જેના લીધે સેકટરોની શેરીઓમાં પણ પાણીના ખાબોચિયા ઉભરાયા હતા. વરસાદની સાથે ઠંડા પવનનુ જોર પણ વધુ હોવાથી વાતાવરણમાં શિયાળા જેવી ઠંડક પ્રસરી હતી. ચૈત્ર મહીનામાં આકાશમાં અગ્નજવાળ વરસવાના બદલે પાણી પડતા નગરજનોએ પણ કોરોના કહેર વચ્ચે વરસાદ કુદરતી આફત સમાન હોવાનો રોષ વ્યકત કર્યો હતો. વરસાદી મોસમમાં મચ્છરોનો ઉપદ્રવ ન વધે તે માટે સેકટરોમાં સફાઈ અને દવા છંટકાવની કામગીરી માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે તેવી લાગણી પણ નગરજનો વ્યકત કરી રહ્યા છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન પણ ઘટીને ૩૩ ડીગ્રી રહ્યુ હતુ.



શહેરમાં છેલ્લા બે દિવસથી વાતાવરણ પલ્ટાની અસર જોવા મળી રહી છે. ગઈકાલે સાંજે પણ અચાનક જ વાદળિયા વાતાવરણ વચ્ચે ઠંડા પવનની લહેરકી શરૂ થઈ ગઈ હતી. જયારે રાત્રિના ૧૧ કલાકે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટા સાથે અચાનક જ ગાજવીજ સાથે વરસાદ ખાબકયો હતો. વાતાવરણમાં ઠંડા પવનનુ જોર પણ વધુ હતુ. જયારે આકાશમાં થતા વિજચમકારા વચ્ચે વરસાદ વરસ્યો હતો. થોડીવાર માટે વરસાદી ઝાપટુ જોરથી વરસતા સેકટરોની શેરીઓમાં વરસાદી પાણી ઉભરાયુ હતુ. જયારે દિવસ દરમિયાનના લોકડાઉનના અંતે વરસાદી વાયરો ફુંકાતા નગરજનોમાં પણ કમોસમી વરસાદ ચર્ચા સ્થાને રહ્યો હતો. કોરોનાના કહેર વચ્ચે વરસાદની એન્ટ્રી રોગચાળાની સ્થિતિમાં ચિંતાજનક પુરવાર થશે તેવી ચિંતા પણ નગરજનોને સતાવી રહી છે. રાત્રિના વરસાદી ઝાપટા વચ્ચે સોશિયલ મિડીયામાં પણ જાતજાતના મેસેજીસની ભરમાર જોવા મળી હતી. કોરોનાના કહેર વચ્ચે વરસાદ કુદરતી આફત

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- જેઈઈ અને નીટની પરીક્ષાઓ મે મહિનાના અંતમાં લેવાશે.
- દેશની સસ્તા અનાજની દુકાનો પરના સરકારી અધિકારીઓ વારંવાર પરેશાન કરતા હોવાની એસોસિએશનના પ્રમુખ પ્રહલાદ મોદીની ફરિયાદ.
- રાજ્યના દિવ્યાંગ છાત્રાલયો, માર્ગ સંરક્ષણ ગૃહ તથા આશ્રમ શાળાઓના વિદ્યાર્થીઓ જે ઘરે ચાલ્યા ગયા છે તેમને એપ્રિલ માસના ખર્ચ પેટે રૂ. ૧૫૦૦ સહાય રાજ્ય સરકાર દ્વારા અપાશે.
- મુખ્યમંત્રીના કોરોના રાહત ફંડમાં શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા એક કરોડ રૂપિયા તથા શક્તિપીઠ અંબાજી સંસ્થાન ટ્રસ્ટ દ્વારા એક કરોડ રૂપિયાનો ફાળો અપાય છે. જયારે અદાણી ફાઉન્ડેશનના દિપ્તીબેન અદાણીએ મુખ્યમંત્રીની રાહત નિધિમાં પાંચ કરોડ રૂપિયાનો માતબર ફાળો આપ્યો છે. આ ઉપરાંત ખોડધામ તરફથી ૨૧ લાખ અને સૌરાષ્ટ્ર પટેલ સમાજ દ્વારા ૧૫ લાખનો ફાળો અપાયો છે.
- મોડી સાંજે આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતિ રવિની ચાલુ પ્રેસ કોન્ફરન્સમાં રાજકોટના વધુ ત્રણ દર્દીઓના પોઝીટીવ રિપોર્ટ આવતાં ચિંતાની લાગણી પ્રસરી હતી.
- રાજ્યના ચારેય મહાનગરોના કોરન્ટાઈન દર્દીઓ માટે ઉભી કરાયેલી ખાસ હૉસ્પિટલની સુવિધા મામલે નાયબ મુખ્યમંત્રીએ વિડિયો કોન્ફરન્સ દ્વારા સમીક્ષા કરી હતી.
- દેશની તમામ ડોમેસ્ટીક વિમાની સેવા ૧૪મી સુધી રદ કરાઈ છે.
- મહેન્દ્ર એન્ડ મહેન્દ્ર ગ્રુપને ૧૦ હજાર વેન્ટીલેટર તાત્કાલિક બનાવવાનો ઓર્ડર અપાયો છે.
- જામનગરના ૧૧૯ માછીમારોને બોટ કોરન્ટાઈન કરાયા છે.
- શેરડીના સાંઈબાબા સંસ્થાન દ્વારા કોરોના સંકટ માટે ૫૧ કરોડનું દાન કરાયું છે.

## રાજયમાં ગાજવીજ અને કરા સાથે ભારે વરસાદ ખાબક્યો

**અમદાવાદ, સુરત, અરવલ્લી, છોટા ઉદેપુર સહિત અનેક પંથકોમાં ધોધમાર વરસાદ : છોટા ઉદેપુર ખાતે કરા પડયા**

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતના જુદા જુદા ભાગોમાં વરસાદી માહોલ હજુ પણ યથાવતરીતે જારી છે. મધ્યપાકિસ્તાન પર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ જોવા મળી રહી છે જેના કારણે વરસાદી માહોલ જામ્યો છે. અમદાવાદ પણ આંશિક વાદળછાયુ વાતાવરણ રહ્યું હતું. હજુ હળવો વરસાદ જારી રહી શકે છે જેમાં અમદાવાદ અને ગાંધીનગરનો પણ સમાવેશ થાય છે. હવામાન વિભાગ તરફથી કોઈ ચેતવણી જારી કરાઈ નથી પરંતુ બનાસકાંઠા, સાબરકાંઠા, અમદાવાદમાં પણ વરસાદી માહોલ રહી શકે છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૯.૫ અને મહત્તમ તાપમાન ૩૦.૬ ડિગ્રી રહ્યું હતું.કોરોનાના કહેર વચ્ચે પણ આજે પણ રાજયમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર સહિતના અનેક વિસ્તારોમાં ભારે ગાજવીજ, વીજળીના કડાકા અને ભડાકા તેમ જ તોફાની પવન સાથે ધોધમાર વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને અમદાવાદ, સુરત, અરવલ્લી, છોટા ઉદેપુર, સૌરાષ્ટ્ર સહિતના અનેક પંથકોમાં ગઈકાલ રાતથી આજે સમગ્ર દિવસ દરમ્યાન ભારેથી અતિ ભારે વરસાદ નોંધાયો હતો. બાયડમાં તો, એક ઈંચથી વધુ વરસાદ ખાબકતાં ઠેર-ઠેર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. તો, વળી છોટા ઉદેપુર સહિતના અનેક પંથકોમાં તો કરા સાથે ભારે વરસાદ પડયો હતો.

## જિલ્લામાં ૫ મી.મી. કમોસમી વરસાદ

**ઘઉં અને તમાકુના પાકને નુકશાન થતાં ખેડૂત ચિંતામાં ગરકાવ**





ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં ગઈકાલે કમોસમી વરસાદ ૫ મી.મી. જેટલો નોંધાયો છે. કમોસમી વરસાદને કારણે વાતાવરણમાં પલ્ટો આવ્યો છે.

જિલ્લામાં કમોસમી વરસાદથી ઘઉં અને તમાકુના પાકને નુકશાન થયાનું જાણવા મળેલ છે. ખેડૂતોનો પાક તૈયાર થઈ ગયો હતો પરંતુ શ્રમિકોના અભાવે કાપણીનું કામકાજ કેટલાક વિસ્તારમાં બાકી હતી.

ખેડૂતોમાં કમોસમી વરસાદને કારણે ઘઉંના પાકમાં ગુણવત્તાને નુકસાન થશે તેમ મનાઈ રહ્યું છે. આ ઉપરાંત તમાકુના પાકમાં પણ નુકશાન સારૂ એવુ થયુ હોવાનું અનુમાન છે.

દરમ્યાન દાંતીવાડા કૃષિ યુનિ.ના વૈજ્ઞાનિકોએ ખેડૂતોને એવી સલાહ આપી છે કે આગામી પાંચ દિવસ આકાશ સ્વચ્છ રહેશે આ પછી કાપણી તેમજ થ્રેસીંગની કામગીરી ઘઉંના પાકમાં કરવી.

કમોસમી વરસાદ થતાં ખેડૂતોને નુકશાન મોટુ થયુ છે. તમાકુ તેમજ ઘઉંના પાકમાં ગુણવત્તાને નુકશાનના અંદાજો હાલ શક્ય નથી.

બીજી તરફ ઉનાળુ પાકના વાવેતરમાં પણ વિલંબ લોકડાઉનને પગલે થશે તેમ જાણવા મળેલ છે.



કડક અમલ - ગાંધીનગર જેવા સો ટકા શિક્ષિત નગરમાં પણ લોકડાઉનના અમલ માટે પોલીસે પરસેવો પાડવો પડે છે... પાટનગરની પોલીસ રાત-દિવસ મહેનત કરી શહેરના નગરજનોને સુરક્ષિત રાખવામાં મોટી ભૂમિકા ભજવે છે.... પોલીસને આભાર કહેવાનુ તો બાજુ પર રહ્યું... પણ દલિલો કરવાનું પણ શહેરીજનો છોડતા નથી...

## સસ્તા અનાજની દુકાન પરથી ઓફલાઈન પદ્ધતિથી અનાજ

**બિયારણ-ખાતર અને પેસ્ટીસાઇઝ્ડ આવશ્યક ચીજવસ્તુ તરીકે જાહેર : હેલ્પલાઈન ૧૦૭૦નો સંપર્ક સાધવાથી મદદ મળશે**

ગાંધીનગર,તા.૨૭

વિશ્વવ્યાપી કોરોના વાયરસની સામે સાવચેતી અને સતર્કતાની જનજાગૃતિ દ્વારા વિજય મેળવવા ભારતભરમાં લોકડાઉનની સ્થિતી જાહેર કરવામાં આવી છે. રાજયમાં આ ૨૧ દિવસના લોકડાઉનની સ્થિતીમાં નાગરિકો-પ્રજાજનોને સરળતાએ આવશ્યક ચીજવસ્તુઓ મળી રહે તે માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીના માર્ગદર્શનમાં વ્યવસ્થાઓ ગોઠવાઈ છે. મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને મળતી કોર કમિટી બેઠકમાં પણ રોજબરોજની સ્થિતીની સર્વગ્રાહી સમીક્ષા સાથે પ્રવર્તમાન સ્થિતીમાં નાગરિક સુવિધાના નિર્ણયો પણ લેવામાં આવે છે. મુખ્યમંત્રીએ કોર કમિટીની આ બેઠકમાં ગઈ મોડી સાંજે લીધેલા નિર્ણયોની ભુમિકા મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે આપી હતી. અશ્વિનીકુમારે કહ્યું કે, રાજયમાં આ લોકડાઉનની સ્થિતીમાં એપ્રિલ માસમાં અંત્યોદય અને ગરીબ પરિવારોને સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી અનાજ વિતરણ વિનામૂલ્યે કરવાનો નિર્ણય મુખ્યમંત્રીએ અગાઉ કર્યો છે. હવે, તેમણે એક વધુ સંવેદનાસ્પર્શી નિર્ણય એવો પણ કર્યો છે કે, આ એક માસ પૂરતી આવી સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી ઓફલાઈન પદ્ધતિએ પણ રાશન ઉપલબ્ધ કરાવવામાં આવશે. કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવાના ઉદાત્ત ભાવથી એપ્રિલ-૨૦૨૦ના માસ માટે રાશન મેળવવા લાભાર્થી માટેની બાયોમેટ્રિકસ પદ્ધતિનો અમલ કરાશે નહિ. મુખ્યમંત્રીએ આ લોકડાઉનની સ્થિતીમાં ગુજરાતના જે યાત્રિકો કે મુસાફર પરિવારો અન્ય રાજ્યોમાં સ્થગિત થઈ ગયા છે તેમને ત્યાં કોઈ અગવડ રહેવા-જમવાની ના પડે તેવી વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરતો મહત્વનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીના આ નિર્ણયની વિગતો આપતાં મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે કહ્યું કે, આવા અન્ય રાજ્યોમાં ફસાઈ ગયેલા પરિવારો સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગરના કંટ્રોલ રૂમના હેલ્પલાઈન નંબર ૧૦૭૦ પર સંપર્ક સાધી શકશે. આવા યાત્રિકો-મુસાફરોની તેઓ જે રાજ્યમાં હાલ સ્થગિત થઈ ગયેલા છે તે રાજ્યના સંબંધિત સ્થળે ત્યાંના જિલ્લા વહિવટીતંત્ર અને ગુજરાતી સમાજના સહયોગથી ભોજન-આવાસ-નિવાસ વ્યવસાઓનું સંકલન ગુજરાત સરકાર કરશે તેવો સંવેદનાત્મક અભિગમ વિજય રૂપાણીએ દર્શાવ્યો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં વસતા અન્ય

● અનુસંધાન પાન-૭ પર

## લોકડાઉન પુરૂ થશે ત્યાં સુધીમાં ઘણા એ પણ ભુલી જશે કે તેઓ ધંધો કયો કરતા'તા

**લોકડાઉન સ્થિતિમાં પણ સોશ્યલ મિડીયા પર નેટીઝન્સની ધમાલ મસ્તી**

એક તરફ સમગ્ર વિશ્વ નોવેલ કોરોના વાઈરસના સંક્રમણથી પિડીત છે અને ચિંતિત છે ત્યારે બીજી તરફ સોશ્યલ મિડીયામાં આ વાઈરસ સામે સાવચેતી રાખવાથી માંડીને વાઈરસ અંગે તલસ્પર્શી જાણકારી આપતા મેસેજીસ વાઈરલ થઈ રહ્યાં છે તેના કરતા બમણાંથી વધુ સંખ્યામાં સમગ્ર પરિસ્થિતિની મજાક ઉડાવતા મેસેજીસ વાઈરલ થઈ રહ્યાં છે. દેશભરમાં કોરોનાને નાથવા લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે ત્યારે ઘરમાં પુરાયેલા નેટીજન્સ આ સ્થિતિમાં પણ અવનવાં ચબરાકિયા ફરતાં કરી પોતે તો મોજ માણી રહ્યાં છે તે સાથે અન્યો માટે પણ ટાઈમપાસ કરવા ઉપયોગી બની રહ્યાં છે અત્રે પ્રસ્તુત છે હાલની સ્થિતિમાં વાઈરલ થઈ રહેલા કેટલાંક પસંદગીના ચબરાકિયાં.

- અત્યારે તો કોઈ પોલીસને ફોન નહી કરી શકે કે મારા ઘરમાં ચોરી થઈ છે, કેમકે પોલીસ પહેલા તેને બે ડંડા મારી પુછશે કે 'તું ક્યાં ગયો હતો ?'
- બંધના થોડા દિવસોમાં મહિલાઓની આઈબ્રોમાં અને રાવણની મૂછોમાં કાંઈ ફર્ક નહી રહે.
- કોઈ પુરૂષે રસોઈ કરતા કે ઘરકામ કરતા ફોટા મુકવા નહી, બીજાના ઘરે માથાકુટ થાય છે.
- ૨૧ દિવસ પછી જ્યારે લોકડાઉન પુરૂ થશે ત્યાં સુધીમાં તો ઘણાં ભુલી ગયાં હશે કે તે કયાં ધંધો કરતાં'તા..!!
- કોઈએ બહાર આવી ભેગું થવું નહી તે વાત કહેવા સોસાયટીમાં ૮૦ જણની મીટીંગ ભરાઈ... એક નમૂનાએ પાછું સૂચન કર્યુ કે જો આની અમલવારી નહીં થાય તો ફ્રી મીટીંગ બોલાવવાની ફરજ પડશે.
- એવું લાગે છે કે થોડા દિવસ પછી સેનેટાઈઝર કરતાં તો આયોડેક્સ બહું મોંઘો થઈ જશે.
- જો પાંચ ફૂટ દૂરથી ૧૬૦ ગ્રામનું વેલણ ૮૦ કિમી, કલાકની સ્પીડે કપાળ બાજુ સીધી ગતિમાં આવે અને વચ્ચે ક્યાંય અવરોધાય નહી તો કપાળ પર ૨ સેમી ત્રિજ્યાનું અને અડધા સેમી ઉંચાઈનું ગોળ ઢીમડું પડતાં માત્ર ૩૦ થી ૪૫ સેકન્ડનો સમય લાગે છે.
- એક વ્યક્તિને ડોક્ટરે કહ્યું કે કોરોનામાં બહાર જાવ તો ખાલી માસ્ક અને ગ્લોવઝ પહેરશો તો વાંધો નહી આવે... બહાર નીકળીને પેલા વ્યક્તિએ જોયું તો બીજા બધાએ પેન્ટશર્ટ પણ પહેરેલા હતા.
- જવું તો ક્યાં જવું ? બહાર રૂપાણીની પોલીસ અને ઘરમાં રૂપાળી પોલીસ..!!
- ૨૧ દિવસના લોકડાઉન પછી તમને પહેલો ચહેરો કોનો જોવાનું ગમશે ?? આ પ્રશ્નનો ૯૦ ટકા મહિલાઓ કહેશે કામવાળી બાઈનો...
- ગબ્બર : યે હાથ મુઝકો દે દે ઠાકુર
  ઠાકુર : અબ તો તુ હી લેજા યે હાથ, થક ગયાં હું મેં ઈનકો ધોતે ધોતે.
- આજે એક મિત્ર બહાર દાબેલી લેવા ગયો હતો, પાછો આવ્યો ત્યારે એ ''સુજેલી'' લઈને આવ્યો હતો.
- ભારતમાં તાજા આંકડા
  કોરોના પોઝિટીવ - ૬૫૫
  સુજી ગયેલા કુલા - ૩૨૪૬
- આપણે ચાઈનાનું બજાર બંધ કરવા નીકળ્યાં હતા,
  સાલા ચાઈનાવાળાઓએ આપણું માર્કેટ જ બંધ કરાવી દીધુ.
- મહેરબાની કરી કોઈએ પોલીસ મારતી હોય તેવી ક્લીપ ગૃપમાં મુકવી નહી...
  ઘરવાળી ચીજવસ્તુ લેવા પરાણે બહાર મોકલે છે.
- ભાઈને શીરો ખાવો'તો પણ સુજી નહોતી,
  પડોશીને ફોન કર્યો... ભાઈ સુજી છે ?
  પડોશી બોલ્યાં : હા ભાઈ બહુ જ, બેસાતું પણ નથી.
- દર્દી : ડોક્ટર સાહેબ બેસવામાં બહુ તકલીફ પડે છે.
  ડોક્ટર : કરફ્યુમાં બહાર ગયા હતા કે શું ?
  દર્દી : અરે, તમને કેવી રીતે ખબર પડી ?
  ડોક્ટર : હમણાં આવા કેસ વધારે આવે છે.
- પતિ-પત્નિને સામ-સામે બેસીને ચા પીતા જોઈ થાય છે કે ''વાઘ-બકરી ચા'' નામ પરફેક્ટ રાખ્યું છે.

**એવું લાગે છે કે થોડા દિવસ પછી સેનેટાઈઝર કરતાં તો આયોડેક્સ બહું મોંઘો થઈ જશે**


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com